# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

**Deemed to be University Established under Section 3 of UGC Act 1956**

*મહાત્મા ગાંધી દ્વારા 1920માં સ્થાપિત*

## પ્રવેશ માટેનું અરજીપત્ર

**1. પરિચય :**

ગૂજરાત વિદ્યાપીઠ ગાંધીવિચાર પદ્ધતિ દ્વારા જીવનઘડતરનું શિક્ષણ આપતી વિશિષ્ટ સંસ્થા છે. અંગ્રેજોના શાસન સામે આંદોલનના સમયે તેની સ્થાપના 18મી ઑક્ટોબર, 1920ના રોજ મહાત્મા ગાંધીના હસ્તે રાષ્ટ્રીય વિદ્યાપીઠ તરીકે થઈ હતી. ઈ.સ. 1930 સુધી વિદ્યાપીઠમાં ગુજરાતી, મરાઠી, બંગાળી, સંસ્કૃત, પર્શિયન તથા અંગ્રેજી ભાષાઓ ઉપરાંત ભારતીય વિદ્યા, ઇતિહાસ, ગણિત, તત્વજ્ઞાન, રાજનીતિ, અર્થશાસ્ત્ર તથા સંગીત જેવા વિષયોમાં અભ્યાસકાર્ય થતું હતું. સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે રાષ્ટ્રીય ચળવળના ભાગરૂપે ઈ.સ. 1930થી 1935ના સમયગાળા દરમિયાન શૈક્ષણિક કાર્ય બંધ રહ્યું. ઈ.સ. 1935 પછી શૈક્ષણિક કાર્યનો પુનઃપ્રારંભ થયો. ઈ.સ. 1942થી 1945 દરમિયાન 'હિન્દ છોડો'ની ચળવળમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો જોડાતાં અભ્યાસકાર્ય ફરી એક વાર બંધ રહ્યું. ત્યાર બાદ ઈ.સ. 1947માં મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયનો આરંભ આઠ વિદ્યાર્થીઓ સાથે થયો. આ મહાવિદ્યાલયમાં વર્તમાન સમયમાં બી.એ., એમ.એ., એમ.ફિલ., પીએચ.ડી., અનુસ્નાતક ડિપ્લોમા, અભ્યાસક્રમો ચાલી રહ્યા છે.

ગૂજરાત વિદ્યાપીઠનાં મૂલ્યો આધારિત પ્રયોગોના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વના પ્રદાનના કારણે ભારત સરકારે ઈ.સ. 1963માં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (અધિનિયમ) હેઠળ ગૂજરાત વિદ્યાપીઠને વિશ્વવિદ્યાલયનો દરજ્જો આપ્યો છે. હાલમાં ગાંધીનગર જિલ્લામાં આવેલાં સાદરા અને રાંધેજા ગામનાં પરિસરમાં ભાઈઓ તથા બહેનો માટે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચાલે છે. સાદરા પરિસરના શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયમાં તથા સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. રાંધેજા પરિસરના ગ્રામવ્યવસ્થાપન કેન્દ્રમાં ભાઈઓ અને બહેનો માટે અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની સગવડ છે. અમદાવાદ પરિસરમાં આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગમાં ખાસ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

ગાંધીજીના આદર્શો મુજબ દેશના નવઘડતરના કાર્યક્રમો માટે શિક્ષણ દ્વારા ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી તથા કર્તવ્યનિષ્ઠ કાર્યકરો તૈયાર કરવા તે આ સંસ્થાનો પાયાનો ઉદ્દેશ્ય રહ્યો છે. આજના પરિવર્તનશીલ સમયમાં પણ ગૂજરાત વિદ્યાપીઠનું પોત મજબૂત રાખવા માટે સન્નિષ્ઠ કોશિશ થઈ રહી છે. ગાંધીવિચારના પ્રચાર-પ્રસાર માટે શિક્ષણનાં વિવિધ ક્ષેત્રોમાં સંશોધન, તાલીમ તથા વિસ્તરણના કાર્યક્રમોને વિદ્યાપીઠમાં અગ્રિમસ્થાન આપવામાં આવે છે.

**2. ગૂજરાત વિદ્યાપીઠનાં ધ્યેયો :**

2.1 વિદ્યાપીઠનું કામ મહાત્મા ગાંધીએ આપેલા આદર્શો પ્રમાણે દેશનું નવઘડતર કરવાને સારુ ચાલતી પ્રવૃત્તિઓને અર્થે કેળવણી દ્વારા ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી તથા કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.

2.2 વિદ્યાપીઠના શિક્ષકો અને સંચાલકો અહિંસા અને સત્યને અવિરોધી એવાં જ સાધનો સ્વીકારનારા અને તેને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હશે.

2.3 વિદ્યાપીઠના તથા તેણે માન્ય કરેલી સંસ્થાઓના શિક્ષકો અને સંચાલકો અસ્પૃશ્યતાને કલંકરૂપ માનનારા અને તેનું નિવારણ કરવા પ્રયત્નશીલ હશે અને કોઈ પણ બાળક કે બાળા અસ્પૃશ્ય હોવાના કારણે બહાર રાખવામાં કે તેને દાખલ કર્યા પછી તેની તરફ નોખી વર્તણૂક રાખવામાં નહીં આવે.

2.4 વિદ્યાપીઠને અંગે કામ કરનારો શિક્ષકવર્ગ, સંચાલકો તથા માન્ય કરેલી સંસ્થાઓ વગેરે રેંટિયાની પ્રવૃત્તિમાં માનનારા અને અનિવાર્ય કારણ સિવાય નિયમિત રીતે કાંતનારા અને નિરંતર ખાદી પહેરનારા હશે. **સમજૂતી :** આ ધ્યેય મુજબ અભ્યાસકાળ દરમિયાન, ફરજ પરના સમયમાં કોઈ પણ વખતે પ્રમાણિત ખાદી સિવાયનાં વસ્ત્રોનો સીધો કે આડકતરો ઉપયોગ કરી શકાય નહીં અને ફરજ સિવાયના બધા સમયમાં પણ સુતરાઉ ખાદીનાં વસ્ત્રો જ પહેરી શકાશે.

2.5 વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ આપવામાં આવશે અને બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે.. **સમજૂતી :** બીજી ભાષાઓ શીખવતાં તે જ ભાષાને વાપરવામાં બાધ નહીં ગણાય.

2.6 વિદ્યાપીઠમાં રાષ્ટ્રભાષા હિન્દી-હિન્દુસ્તાનીને આવશ્યક સ્થાન હશે.
**નોંધ :** હિંદી-હિંદુસ્તાની એ ભાષા છે કે જે ઉત્તરમાં સામાન્ય હિંદુ-મુસલમાન બોલે છે અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખે છે.

2.7 વિદ્યાપીઠમાં ઔદ્યોગિક શિક્ષણને બૌદ્ધિક શિક્ષણ જેટલું જ મહત્વ આપવામાં આવશે અને રાષ્ટ્રના પોષક જે જે ઉદ્યોગો છે તેમને સ્થાન આપવામાં આવશે, બીજાને નહીં.

2.8 ભારતવર્ષનો ઉત્કર્ષ શહેરો પર નહીં, પણ ગામડાં ઉપર અવલંબે છે, તેથી વિદ્યાપીઠના મોટા ભાગના દ્રવ્યનો અને વિદ્યાપીઠના શિક્ષકોનો મુખ્ય ઉપયોગ ગામડાંમાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રચાર કરવામાં થશે.

2.9 કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ આપવામાં આવશે.

2.10 વિદ્યાપીઠની નીચે ચાલતી સંસ્થાઓમાં બધા પ્રચલિત ધર્મોને વિશે સંપૂર્ણ આદર હશે, અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મોનું જ્ઞાન, અહિંસા અને સત્યને દૃષ્ટિમાં રાખીને આપવામાં આવશે.

2.11 પ્રજાના શારીરિક વિકાસને અર્થે વ્યાયામ અને અંગમહેનતની તાલીમ વિદ્યાપીઠમાં આવશ્યક ગણાશે.

## 3. ગૂજરાત વિદ્યાપીઠની કેટલીક વિશેષતાઓ :

- ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના પ્રયત્નો થાય છે.
- વિદ્યાપીઠમાં શિક્ષણ ઉપરાંત યોગ, વ્યાયામ, તરણ જેવી શારીરિક અને માનસિક સ્વસ્થતા કેળવવા માટેની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.
- ગાંધીજીની ગ્રામ સ્વરાજ્યની કલ્પનાને સાકાર કરવા વિદ્યાર્થીઓને ગ્રામાભિમુખ બનાવવા ગ્રામજીવન પદયાત્રા, ગ્રામશિબિરો, પ્રવાસો, કેન્દ્રનિવાસને શિક્ષણના મહત્વનાં પાસાં તરીકે સ્વીકારેલાં છે.
- વિદ્યાર્થીઓ વાંચન દ્વારા પોતાના જ્ઞાનમાં વધારો કરી શકે તે માટે પાંચ લાખ કરતાં વધુ પુસ્તકો ધરાવતું સમૃધ્ધ પુસ્તકાલય છે.
- વિદ્યાર્થીઓ અભ્યાસ બાદ અંતરિયાળ વિસ્તારમાં જઈને કામ કરવા ઇચ્છે તો તેમના માટે ગ્રામશિલ્પી યોજના છે.
- વિદ્યાપીઠનાં સાદરા પરિસરમાં શિક્ષણ અને રમતગમત શારીરિક સંશોધન પ્રયોગશાળા અને રાંધેજા પરિસરમાં નિસર્ગોપચાર કેન્દ્ર છે. બંને પરિસરમાં રમતગમત સંકુલો છે.
- ત્રણેય પરિસરમાં નિવાસી તબીબ તથા એમ્બ્યુલન્સ સહિતની તબીબી સેવા ઉપલબ્ધ છે.

**4. ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટેના નિયમો :**

4.1 ખાદી : અભ્યાસ દરમિયાન નિરંતર શુદ્ધ (સુતરાઉ) ખાદી પહેરવાની છે. મહાવિદ્યાલયના સમય દરમિયાન તેમજ વિદ્યાલયના કામ અંગે શહેરમાં કે બહારગામ મુલાકાત લેતી વખતે નિયત કરેલો ખાદીનો ગણવેશ પહેરવો ફરજિયાત છે.

4.2 રેંટિયો : નિશ્ચિત સમયે નિયમિત કાંતણકાર્ય કરવાનું છે. સૂતરની આંટીઓનું નિયત લક્ષ્યાંક મુજબ જાતે કાંતણ કરીને ઉત્પાદન કરવાનું છે. રેંટિયો અને ખાદીનું આસન વિદ્યાર્થીએ સત્રના પ્રથમ દિવસથી જ પોતાની સાથે અનિવાર્ય રીતે લાવવાનું રહેશે.

4.3 છાત્રાલય : ગૂજરાત વિદ્યાપીઠના બધા જ નિયમિત પારંગત અભ્યાસક્રમો માટે છાત્રાલયનિવાસ ફરજિયાત છે અને છાત્રાલયની આચારસંહિતાનું સંપૂર્ણપણે પાલન કરવું અનિવાર્ય છે.

4.4 હાજરી : નિયમિત અભ્યાસક્રમના દરેક વિદ્યાર્થીને વિષયના પ્રશ્નપત્ર દીઠ કુલ વર્ગોમાં ૮૦ ટકા હાજરી જરૂરી છે. માંદગીની રજા (વિદ્યાપીઠના તબીબ દ્વારા પ્રમાણિત) હોય તે સિવાય કોઈ પણ પ્રકારની રજા મળવાને પાત્ર નથી. માંદગીના કારણે ૩૦ દિવસ કરતા વધુ ગેરહાજરી હોય તો સત્ર નામંજૂર કરવામાં આવશે. આવા કિસ્સાઓમાં કોઈ રજૂઆત ધ્યાન પર લેવામાં આવશે નહિ.

4.5 મોબાઇલ : વિદ્યાભ્યાસના સમય દરમ્યાન વિદ્યાર્થીઓ માટે છાત્રાલય સિવાય પરિસરમાં મોબાઇલના ઉપયોગ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. છાત્રાલયમાં મોબાઇલ વિદ્યાપીઠના નિયમ મુજબ વાપરી શકાશે. ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં ટેલિફોનની સુવિધા છે. વર્ષ દરમ્યાન કોઈ પણ સમયે વિદ્યાર્થી નિયમ વિરુદ્ધ ક્યાંય પણ મોબાઇલ વાપરતા જોવા મળશે તો પ્રવેશ આપોઆપ રદ ગણાશે અને કોઈ પણ રજૂઆત વગર વિદ્યાર્થીને અભ્યાસ છોડીને જતા રહેવાની ફરજ પડશે.

4.6 સમૂહજીવન : દરેક વિદ્યાર્થીએ સમૂહજીવનનાં મૂલ્યાંકનમાં નિયત કરેલી કક્ષા મેળવવી ફરજિયાત છે. જેમાં નિયત પુસ્તકોમાંથી જૂથચર્ચા, સફાઈ સાધનોનું નિર્માણ કૌશલ્ય અને સફાઈ, છાત્રાલયજીવન, પ્રાર્થના અને સમૂહગીતો તથા કાંતણ કૌશલ્યનો સમાવેશ થાય છે. વર્ષ દરમ્યાન સમૂહજીવનનું સતત મૂલ્યાંકન કરવામાં આવશે.

**પ્રવેશ અંગે :**

- અરજી સાથે સંબંધિત વિષયમાંની પદવીનાં ગુણપત્રોની પ્રમાણિત નકલો જોડવાની રહેશે.
- કેન્દ્ર સરકારના અનામત અંગેના નીતિનિયમ મુજબ અનુસૂચિત જાતિ 15 ટકા, અનુસૂચિત જનજાતિ 7.5 ટકા, સામાજિક-શૈક્ષણિક પછાત (નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર ધરાવતા) વર્ગ 27 ટકા અને શારીરિક ખોડખાંપણ માટે 3 ટકા પ્રમાણે બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે. કાશ્મીરી વિસ્થાપિતોના પ્રવેશ માટે યુ.જી.સી.ની માર્ગદર્શિકાને અનુસરવામાં આવશે. અનામત જગ્યાઓની ગણતરી વિષય કક્ષાએ ધ્યાનમાં લેવામાં આવશે.
- અનામત બેઠકનો લાભ લેવા ઇચ્છતા ઉમેદવારોએ સક્ષમ અધિકારીના જાતિના પ્રમાણપત્રની ખરી નકલ અરજીપત્ર સાથે સામેલ કરવાની રહેશે.
- અધૂરી, અસ્પષ્ટ કે ખોટી વિગતોવાળું તેમજ સમયમર્યાદા કરતાં મોડું આવેલું અરજીપત્ર પ્રવેશ માટે માન્ય ગણાશે નહીં.
- પ્રવેશ રદ થયે ફી વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગના નિયમ અનુસાર પરત કરવામાં આવશે.
- અભ્યાસગાળા દરમ્યાન ફીનું માળખુ સરકારના કન્યા કેળવણીના તેમજ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના નિયમોને આધીન રહેશે.

# ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા જુદા જુદા અભ્યાસક્રમની ફીનું માળખું (વર્ષ દીઠ)

| ક્રમ. નં. | | સમગ્ર એમ.એ. (M.A.) ડિપ્લોમા હિન્દી અનુવાદ/ પ્રયોજન મૂલક હિન્દી | કમ્પ્યૂટર વિનિયોગ (M.C.A.) તથા અનુસ્નાતક ડિપ્લોમા (P.G.D.C.A.) | દ્રશ્ય-શ્રાવ્ય (ડિપ્લોમા) | યોગવિદ્યા (ડિપ્લોમા) | કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ (ડિપ્લોમા) | એમ.એ. માનવ સંસાધન વિકાસ અને સંચાલન | શારીરિક શિક્ષણ (સ્નાતક) (B.P.Ed.) | શારીરિક શિક્ષણ (સ્નાતક) (B.P.E.S.) | શારીરિક શિક્ષણ (અનુસ્નાતક) (M.P.E.S.) | વિજ્ઞાન (સ્નાતક) B.Sc. (Micro.) & (Home Science) | વિજ્ઞાન (અનુસ્નાતક) (M.Sc.) (Micro.) | સમાજવિદ્યા (સ્નાતક) (B.A.) સાદરા | સમાજવિદ્યા (સ્નાતક) (B.A.) રાંધેજા | ગ્રામવ્યવસ્થાપન (અનુસ્નાતક) (M.B.A. in Rural Management) | શિક્ષણ (સ્નાતક) (B.Ed.) | શિક્ષણ (અનુસ્નાતક) (M.Ed.) | હિન્દી શિક્ષણ (સ્નાતક) (B.Ed.) | એમ.એ. યોગ | સર્ટિફિકેટ કોર્સ યોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | શિક્ષણ ફી | 1200 | 3000 | 1200 | 1700 | 1200 | 20000 | 1500 | 1500 | 1500 | 1200 | 1200 | 1200 | 1200 | 2000 | 1500 | 1500 | 1500 | 3000 | 2900 |
| 2 | સત્ર ફી | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 |
| 3 | દાક્તર ફી | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 150 | 100 |
| 4 | આંતરીક કસોટી ફી | 80 | 80 | 80 | 100 | 80 | 80 | 80 | 80 | 80 | 80 | 80 | 80 | 80 | 80 | 80 | 80 | 80 | 100 | 0 |
| 5 | વિદ્યાપીઠ ત્રૈમાસિક લવાજમ | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 0 |
| 6 | રમત-ગમત ફી | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 0 |
| 7 | ઓળખપત્ર ફી (એકવાર) | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 50 | 0 |
| 8 | ગ્રંથાલય પ્રવેશ ફી (એકવાર) | 200 | 200 | 200 | 300 | 200 | 200 | 200 | 200 | 200 | 200 | 200 | 200 | 200 | 200 | 200 | 200 | 200 | 300 | 0 |
| 9 | પ્રયોગિક ફી (લાગુ પડતી) | 350 | 4000 | 6000 | 6000 | 4000 | 0 | 1500 | 1000 | 1500 | 1000 | 5000 | 300 | 300 | 0 | 0 | 0 | 0 | 7350 | 1750 |
| 10 | પરીક્ષા ફી | 700 | 700 | 700 | 700 | 700 | 1500 | 700 | 700 | 700 | 700 | 700 | 500 | 500 | 700 | 500 | 700 | 500 | 600 | 500 |
| 11 | વિભાગની અનામત (એકવાર) | 1000 | 1000 | 1000 | 500 | 1000 | 1000 | 1000 | 1000 | 1000 | 1000 | 1000 | 1000 | 1000 | 1000 | 1000 | 1000 | 1000 | 500 | 0 |
| 12 | વિદ્યાર્થી મંડળ ફી | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 0 |
| 13 | કમ્પ્યૂટર શિક્ષણ ફી / કમ્યુનિકેશન એન્ડ સોફ્ટસ્કિલ | 250 | 250 | 250 | 0 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 0 | 0 |
| 14 | સાધન મેઈન્ટેનન્સ ફી | 0 | 0 | 6500 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 100 |
| **અ** | **કુલ શિક્ષણ ફી** | **4330** | **9780** | **16480** | **9850** | **7980** | **23580** | **5780** | **5280** | **5780** | **4980** | **8980** | **4080** | **4080** | **4780** | **4080** | **4280** | **4080** | **12400** | **5400** |
| 1 | છાત્રાલય વ્યવસ્થા ફી | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 | 500 |
| 2 | રસોડા વ્યવસ્થા ફી | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 | 250 |
| 3 | ભોજન અનામત | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 | 7000 |
| **બ** | **કુલ છાત્રાલય ખર્ચ** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** | **7750** |
| 1 | પાઠ સાહિત્ય અનામત | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 200 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | ગણવેશ ખર્ચ | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 2500 | 2500 | 2500 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 3 | પ્રવાસ અનામત | 0 | 0 | 0 | 350 | 0 | 0 | 1500 | 1500 | 1500 | 2000 | 2000 | 0 | 500 | 0 | 1500 | 0 | 2000 | 600 | 600 |
| **ક** | **કુલ ખર્ચ** | **0** | **0** | **0** | **350** | **0** | **0** | **4200** | **4000** | **4000** | **2000** | **2000** | **0** | **500** | **0** | **1500** | **0** | **2000** | **600** | **600** |
| | **કુલ ફી (અ+બ+ક)** | **12080** | **17530** | **24230** | **17950** | **15730** | **31330** | **17730** | **17030** | **17530** | **14730** | **18730** | **11830** | **12330** | **12530** | **13330** | **12030** | **13830** | **20750** | **13750** |

**<u>નોંધ :-</u> ઉપરોક્ત ફી પ્રથમ વર્ષની છે. જેમાં ભોજન અનામત ફી સત્ર-1ની જ દર્શાવી છે, જે બીજા સત્રમાં અલગથી ભરવાની રહેશે.**